# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન — જ્ઞાતિનું કેન્દ્રવર્તી મહાજન

SAMAST MAHAJAN MEDIA COMMITTEE

ઈ-મેગેઝીન • વર્ષ : ૫ • સળંગ અંક : ૩૧૬ • તા.૨૯ જૂન થી ૫ જુલાઈ ૨૦૨૪




**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.


## આધુનિક ટેકનોલોજીનો સમયસર યોગ્ય ઉપયોગ કરીને ખોવાયેલી વસ્તુઓ પણ પાછી મેળવી શકો છો



Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

GJF Life Member



SHUBH
DIAMONDS


RAJESH MOMAYA
9884149494

# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.

For Business Queries : 044-4314 1444

www.shubhdiamonds.com Contact : 9884899494 E.Mail : pratik.mota@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-
માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર
(ગામ - સાયરા)



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ

જયંત વસનજી છેડા

રાજેન્દ્ર મણિલાલ ખોના

પ્રવીણ હંસરાજ લોડાયા

કીર્તિકુમાર ધનજી ધરમશી

ચંદ્રેશ વિરચંદ છેડા



**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યહાર માટે સરનામું**

Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan

3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

http://www.kdosm.org

Email : gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.




# મિત્ર એટલે આપણા અસ્તિત્વનો અરીસો

દર ઓગષ્ટ માસના પ્રથમ રવિવારે ફ્રેન્ડશીપ ડે મનાવાય છે. નાના મોટા સ્કૂલ, કોલેજના વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓમાં આ ડેનો ગાંડો ક્રેઝ છે. વિવિધ રંગોની પટ્ટી, રિબિન કે બેન્ડ બાંધી કે માર્કર ને સ્કેચપેનથી હાથ પર વિવિધ લખાણ લખી પોતાની અભિવ્યક્તિ દોસ્ત વ્યક્ત કરે છે. બોલીવુડ સેલિબ્રેટી હોય કે રાજકીય નેતાઓ. પોતાના મનની વાત હોઠ પર લાવી મિત્ર પ્રત્યેની લાગણી છતી કરે છે. આમાં ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામીન નેતાન્યાહુએ ફ્રેન્ડશીપ ડે દિવસ પોતાના ખાસ મ ખાસ યાર વડાપ્રધાન નરેન્દ્ર મોદીને ટ્વીટ કરી મૈત્રી સંદેશ આપ્યો. જેના જવાબમાં વડાપ્રધાનએ હિબ્રુભાષામાં આભાર વ્યક્ત કરતો મેસેજ મોકલ્યો.

પશ્ચિમ સંસ્કૃતિ દરેક સંબંધને વર્ષનો એક દિવસ આપી તેનું સ્મરણ કરવાનો મોકો આપે છે. જ્યારે આપણા સંસ્કાર દરેક સંબંધને, નાતાને રોજે રોજે યાદ રાખી તેનો આદર માન જાળવવાનું કહે છે. પછી એ મા-બાપ હોય. ભાઈ-બહેન, ગુરૂ, મિત્ર હોય કે વડ, પીપળો, ચંદ્ર, સૂર્ય, જળ કે પછી ગાય, સર્પ, નાગ જેને આપણે ક્ષેત્રપાળ તરીકે પૂજીએ છીએ એ હોય. આપણી સાથે આપણા અસ્તિત્વમાં આત્મીય ધરાવતા આ એકે એક સંબંધો, પાત્રો કે જીવો પ્રત્યે આપણે માન આદર રાખીએ એમને પવિત્ર ગણીએ. પૂજનીય ગણીએ એવું શિક્ષણને સમજણ અપાય છે.

મિત્ર પણ એવો જે આત્મીય સંબંધ છે. જે આપણા મનની વાતનો પડઘો પાડતો રહે છે. સારો મિત્ર, સાચો મિત્ર આપણા શરીર આત્માને ઉપયોગી પોષણ આપવા સમાન કાર્ય કરે છે. ભગવાન કૃષ્ણ અને બાલ સખા સુદામાની મૈત્રીની વાત આપણો અને મિત્રનો સંબંધ કેવો હોય છે. એની વાત સમજાવે છે. એક ગુરૂ પાસે ભણેલા આ બાળમિત્રો વર્ષો પછી જ્યારે મળે છે. ત્યારે દ્વારિકાના રાજા અંકિચન બ્રાહ્મણ મિત્રની પરોણાગત કરે છે. એ જોઈ મહેલના ચાકરો પણ નવાઈ પામે છે. તને સાંભરે છે. મને કેમ વિસરે રે. આ કાવ્ય અગાઉ પાઠ્યક્રમમાં આવેલું છે.

મિત્ર માટે અમેરિકન વિચલક્ષણ લેખક માર્ક ટવાઈન એ કહ્યું છે કે ''સાચો મિત્ર એ છે જે તમે ખોટા હો તો પણ બધાની વચ્ચે તમારો પક્ષ લે. બાકી સાચા હો ત્યારે આખી દુનિયા તમારી પડખે આવી ઊભી રહેવાની છે.'' આ ઉક્તિને સાચું પડતું આપણે મહાભારતમાં જોઈ શકીએ છીએ. દંભી, કપટી, દુર્યોધનને પિતરાઈભાઈઓ સામે લડવા તેનો મિત્ર કર્ણ અડીખમ સાથ આપે છે.

દોસ્ત મિત્ર સખા કે ભાઈબંધ કોઈપણ સંબોધનથી વ્યક્ત કરીએ મિત્ર આખરે તો મિત્ર રહેવાનો છે. મિત્ર આપણી તાકાત છે. જેની સાથે બંધન વગરનો ભાવ છે. સંબંધ વગરનો નાતો છે. એટલે એ ભાઈ બંધ છે. મિત્રતા માત્ર સરખી ઉમરથી વ્યક્તિ સાથે જ થાય એ જરૂરી નથી એમાં વય, લિંગ, નાત-જાત કે ધર્મ ભેદ આડો આવતો નથી. માત્ર ભાવ, લાગણી અને સરખા વિચારના તંતુ એક સાથે જોડાય એ મિત્ર સંબંધ છે.

દાક્ષણિક વિચારક ચાણક્યના મતે જે દિવસે તમારો મિત્ર શત્રુ બને છે ત્યારે તે તમારો સૌથી મોટો શત્રુ બને છે. કારણકે તે જ એવો વ્યક્તિ છે જે તમારી નાનામાં નાની વાત અને રહસ્યો ને જાણે છે. સુખમાં ખભેખભા મેળવીને ચાલે અને દુઃખ સમયમાં દિલાસો આપવા પોતાનો ખભો આપે એ સાચો મિત્ર.

– જય જ્ઞાતિમૈયા

# સંબંધોના આટાપાટા

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ
(સેક્રેટરી જનરલ)

માનવીના જન્મ સાથે જ સંબંધો જોડાય છે. પરિવારના સંબંધો જે જિંદગી પર્યંત જળવાયેલા રહે છે તે પછી જિંદગી દરમ્યાન આપણે અસંખ્ય લોકોના પરિચયમાં આવીએ છીએ. તેમની સાથેના સંબંધો આપણને જોડે પણ છે અને તોડે પણ છે. વૃક્ષો, વનસ્પતિ, પશુ, પંખી અને પ્રકૃત્તિ સાથે પણ આપણાં સંબંધો બંધાય છે. આપણી જન્મભૂમિ આપણી કર્મભૂમિ, આડોશ પડોશમાં વસતા લોકો સાથે, શાળા, કોલેજમાં અભ્યાસ દરમ્યાન તે પછી વ્યવસાય રોજગાર ક્ષેત્રે, રોજે રોજ પ્રવાસ કરતાં, યાત્રા દરમ્યાન પણ ઘણા સાથે સંપર્કમાં આવીએ છીએ ત્યારે અમુક વ્યક્તિઓ સાથે ઘનિષ્ઠતા અનુભવીએ છીએ અને આત્મીયતા અનુભવીએ છીએ. આ બધા સંબંધોને ક્યા ખાનામાં વર્ગીકૃત કરીશું?

જીવન રહસ્યમય છે. નિયતિ તેની યોજના અનુસાર આપણને જોડે છે. ત્યારે જેમની સાથે સંબંધમાં જોડાઈએ છીએ. તેમાં પસંદગીનો કોઈ અવકાશ રહેતો નથી. સંબંધોના આટાપાટા અને ગૂંચવણો ઉકેલવામાં જ જિંદગી પૂર્ણ થઈ જતી હોય છે. ખબર રહેતી નથી કે આયખું કેવી રીતે પૂરું થયું. પારિવારિક સંબંધો તો આપણને બાંધે છે અને ભેગા કરે છે. સંબંધો પૂરા થાય એટલે વિખુટા પડવાનો વારો આવે છે. આ ક્રમ છે. વહેલું કે મોડું અલગ પડવાનું છે. પણ જ્યાં સુધી સાથે છીએ ત્યાં સુધી અરસપરસના સંબંધોમાં પ્રેમ અને મીઠાશ જળવાઈ રહે. આપણા લીધે  સંબંધોમાં ઘસારો ન લાગે તે પ્રત્યે સજાગ રહેવું જોઈએ.

પતિ, પત્ની, પુત્રી, ભાઈ, બહેન, માતા-પિતા, ભાભી આ સંબંધોની પસંદગી આપણે નથી કરી એ તો નિયંતાની કમાલ ભરી કાર્યવાહીથી આપણે એમની સાથે જોડાયા છીએ. આ બધા સંબંધો કર્માનુસાર એકબીજા સાથે બંધાયેલા છે. જેમાં આપણી પસંદગી કોઈ પણ રીતે થઈ નથી. આ સંબંધો પ્રેમ અને લાગણી સાથે જોડાયેલા હોય છે. જો એ પારિવારિક સંબંધોના પાયા મજબૂત હશે તો મજબૂત બંધન બંધાઈ રહેશે. જો અવિશ્વાસ શંકા, તિરસ્કાર, નફરત અને ઘૃણા હશે તો કંઈ પ્રાપ્ત થશે નહીં. પારિવારિક સંબંધો બધા લેણાદેણીના છે. પણ આપણી ભાવના કેવળ લેવાની કે કેવળ દેવાની હશે તો સંબંધ તૂટવા નિશ્ચિત છે.

વ્યક્તિની પ્રગતિ અને વિકાસ સંબંધોની સાથે ગાઢ રીતે સંકળાયેલા છે. કોઈપણ માણસ એકલ પંડે આગેકૂચ કરી શકે નહીં. જીવનના વિકાસમાં અને પ્રગતિમાં આપણને અનેક લોકોની હૂંફ અને લાગણી મળી છે. તકલીફ, આપદામાં ઘણાની મદદ મળી છે. કુટુંબ, સમાજ, શિક્ષણ અને વેપાર વ્યવસાયમાં અનેકોનો ટેકો મળ્યો હોય છે. પણ સફળતા મળતા વેંતજ આપણે બધું જ ભૂલી જઈએ છીએ. પણ એટલું યાદ રાખવું જોઈએ કે કોઈનો પણ નાનો એવો ઉપકાર વિસરવો જોઈએ નહીં. જીવનનો વિકાસ એકબીજા પર આધારિત છે. કોઈ પણ ઉપર ચડે છે તેને અનેક જણનો સધિયારો મળ્યો હોય છે. સહાયકર્તા, મદદકર્તાને ભૂલી જઈએ છીએ ત્યારે સંબંધોમાં ઘસારો લાગે છે. નાના-નબળાં છતાં આપણા ઉપકારીઓ પ્રત્યે નમ્રતાને આદર ન ધરાવીએ તો આપણી મોટાઈની કોઈ કિંમત રહેતી નથી. માત્ર પદ કે પૈસાથી નહી પણ વ્યક્તિ તેની સભ્યતા અને સંસ્કારથી મોટો બને છે. સત્ય એ જલદી ભૂલાતું નથી. સફળતા મળ્યા પછીને તેની માટે માધ્યમ બનનારા જ ભૂલાઈ જાય ત્યારે તેનાથી થતી હાનિ મોટી થઈ રહે છે.

**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**


**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 93222 57731**


**Read E-Paper http://www.kdosm.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

**B-3, Krishna Kunj, Valji Laddha Road, Mulund (West) Mumbai - 400 080.**


ARIHANT BANK
SHRI ARIHANT CO-OP. BANK LTD.
1st February - 30th June 2024
With LOWEST INTEREST Rates,
we are still very much Co-operative
HOME LOAN
CAR LOAN
eAUTO LOAN
2 WHEELER LOAN
*7.49%
(p.a.)
GOLD LOAN
COMMERCIAL VEHICLE LOAN
EDUCATION LOAN
LOAN AGAINST INSURANCE POLICY
*ROI linked to the CIBIL score.
Terms & conditions apply
Head Office : GB-10 A&B, Karma Stambh, L.B.S. Marg, Vikhroli (West), Mumbai - 400 083
Bhandup (West) 86526 30381
Borivali (West) 86526 30390
Dombivli (East) 86526 30386
Ghatkopar (East) 86526 30383
Ghatkopar (West) 86526 30385
Masjid Bunder 86526 30384
Matunga 86526 30389
Mulund (West) 86526 30382
Thane (West) 86526 30388
Vashi 86526 30387
Kamothe 86521 19656
SADA AAPKE SANG, ARIHANT
For More Details, Call Nearest Branch or
Toll Free : 1800 221 984
Working Hours : 10:30 am to 05:30 pm (Except Bank Holidays)
SADA AAPKE SANG, ARIHANT
www.arihantbank.com
@ Arihant Bank

# ડોંબિવલીમાં રિક્ષામાં ભુલાયેલો પપ્પાનો મોબાઈલ ટેકનોલોજીનો કુનેહ સાથે ઉપયોગ કરી હેમખેમ પાછો મેળવ્યો એન્જિનિયર પુત્ર પરાગ મોમાયાએ



કચ્છ સાંયરા હાલ ડોંબિવલી ઈસ્ટમાં રાજાજી પથ નજીક ભગવતી કૃપા બિલ્ડિંગમાં રહેતા ૭૦ વર્ષના દેવેન્દ્ર રતીલાલ મોમાયા તેમનો મોબાઇલ રિક્ષામાં ભૂલી ગયા હોવાની ફરિયાદ કરવા વિષ્ણુનગર પોલીસ-સ્ટેશનમાં ગયા ત્યારે પ્રાથમિક માહિતીના આધારે પોલીસે નજીવી તપાસ કરી હતી. જોકે આ મોબાઈલમાં રહેલા ડેટા અને ફોટોનું મહત્ત્વ હોવાથી દેવેન્દ્રભાઈના એન્જિનિયર પુત્ર પરાગે ટેક્નોલોજીની ઉપયોગ કરીને મોબાઈલ ગુમ થયાના ત્રણ કલાકમાં મોબાઈલનું એક્ઝેક્ટ લોકેશન જે તેમના ઘરથી આશરે ૧૨ કિલોમીટર દૂર હતું ત્યાં પહોંચી રેતી નીચે દટાયેલો મોબાઈલ શોધી કાઢ્યો હતો.

મોબાઇલ રિક્ષામાં ભૂલી ગયા હોવાનો મેસેજ વૉટ્સઍપ પર નાખ્યા બાદ અલર્ટ થઈ ગયેલા રિક્ષા-ડ્રાઇવરે મોબાઇલને ડોમ્બિવલીમાં અનેક વિસ્તારમાં ફેરવ્યો હતો એમ જણાવતાં દેવેન્દ્રભાઈનાં પત્ની પ્રિયાબહેનેએ કહ્યું હતું કે 'દેવેન્દ્ર રવિવારે અમારા એક રિલેટિવ હોસ્પિટલમાં હતા તેમની ખબર કાઢવા ગયા હતા. ત્યાંથી નીકળી સ્ટેશન વિસ્તારમાંથી રિક્ષા પકડી સાંજે પાંચ વાગ્યે ઘરે આવ્યા હતા. હાઈ-ડાયાબિટીઝ અને વધુ ઉંમર હોવાથી તેઓ ઘરે આવીને સૂઈ ગયા હતા. સાંજે છ વાગ્યે ઊઠ્યા ત્યારે તેમણે તેમનો મોબાઇલ ઘરમાં શોધ્યો હતો. જોકે એ ન મળતાં તેમણે મોબાઈલ પર અનેક વખત ફોન કર્યા હતા, પણ કોઈએ ઉપાડયો નહોતો. અંતે તેમને યાદ આવ્યું કે રિક્ષાવાળાને પૈસા આપતી વખતે તેમણે પોતાનો મોબાઇલ રિક્ષામાં જ રાખી દીધો હતો એટલે અમે રિક્ષાવાળાને શોધવા તાત્કાલિક નીચે ઊતર્યા, પણ રિક્ષામાંથી ઊતર્યા એને એકથી દોઢ કલાક થઈ ગયો હોવાથી તે મળ્યો નહીં. રિક્ષાવાળાને શોધવા માટે મેં મારા સંપર્કના રિક્ષા-યુનિયનના લોકોને માહિતી આપી એટલે તેમણે પોતાના વૉટ્સઍપ ગ્રુપમાં આ માહિતી નાખી હતી. ત્યાર બાદ અમે ઘટનાની ફરિયાદ નોંધાવવા વિષ્ણુનગર પોલીસ-સ્ટેશન ગયાં હતાં. જોકે પોલીસે માત્ર લેવા ખાતર અમારી ફરિયાદ નોંધી હતી.

મારા ઘરથી ૧૨ કિલોમીટર દૂર મોબાઇલ રેતીમાં દાટવામાં આવ્યો હતો એમ જણાવતાં દેવેન્દ્રભાઈના પુત્ર પરાગ મોમાયાએ કહ્યું હતું કે હું હતું કે 'રિક્ષામાં પપ્પા મોબાઇલ ભૂલી ગયા હોવાની માહિતી મળી ત્યારે મને એમ હતું કે મોબાઇલ પાછળની સીટ પર રહી ગયો હશે અને એ સાઇલન્ટ પર હોવાથી એના પર ડ્રાઇવરનું ધ્યાન નહીં ગયું હોય. એટલે મેં એ મોબાઇલને રિંગિંગ પર કરી દીધો હતો. ત્યાર બાદ એ મોબાઈલ પર અને વાર રિન્ગ કરી હતી, પણ કોઈએ એ ઉપાડ્યો નહોતો. એટલું જ નહીં, મારા પપ્પાનો ફોન ડોમ્બિવલીના અલગ-અલગ વિસ્તારમાં ફરી રહ્યો હોવાની માહિતી મને મળી રહી હતી એટલે મને ખાતરી થઈ હતી કે કોઈક મોબાઇલ પોતાની પાસે રાખવા આવું કરી રહ્યું છે. ત્યાર બાદ મેં મોબાઈલને માત્ર પાસવર્ડ

# ડોંબિવલીમાં રિક્ષામાં ભુલાયેલો પપ્પાનો મોબાઈલ ટેકનોલોજીનો કુનેહ સાથે ઉપયોગ કરી હેમખેમ પાછો મેળવ્યો એન્જિનિયર પુત્ર પરાગ મોમાયાએ

સાથે જ સ્વિચ્ડ-ઑફ થઈ શકે એવી સુવિધા ઍક્ટિવ કરી દીધી હતી. ત્રણ કલાક પછી મારા ઘરથી આશરે ૧૨ કિલોમીટર દૂર એક જગ્યા પર મોબાઇલ સ્થિર થઈ ગયો હતો એટલે હું ત્યાં પહોંચ્યો ત્યારે એ મોબાઇલ રેતીની નીચે રિંગિંગ થતો હોવાનું ધ્યાનમાં આવ્યું હતું.'

મોબાઇલમાં ઇન્ટરનેટ બંધ, ફોન પણ સાઇલન્ટ, કોણ લઈ ગયું છે એની કોઈ જ જાતની માહિતી ન હોવા છતાં કેવી રીતે મોબાઇલ ટેક્નિકલ માહિતીના આધારે શોધ્યો એની માહિતી આપતાં પરાગ મોમાયાએ કહ્યું હતું કે 'મેં મારા ઘરના સાત લોકોના મોબાઇલમાં એક કોમન ઈમેઇલ આઇડી રાખ્યું છે જે ઑલ્ટરનેટ ઈમેઈલ આઈડી તરીકે કામ કરે છે. આ કરવા પાછળનું કારણ એ હતું કે કે આઠ વર્ષ પહેલાં મારો નવો મોબાઈલ ટ્રેનમાંથી ચોરાયો હતો અને એ મળ્યો જ નહોતો. એટલે જ્યારે મારા પપ્પાનો મોબાઈલ ગુમ થયો અને કોઈકે ચોરી કરવાના ઇરાદે એ પોતાની પાસે રાખ્યો હોવાની ખાતરી મને થઈ એટલે મેં મારા ફોનમાં જે કોમન ઈમેલ આઈડી રાખ્યું હતું એની મદદથી ગૂગલ મેપ પર પપ્પાના ફોનનું લોકેશન મેળવ્યું હતું. આમાં એક ચીજ ખૂબ જ સમજવા જેવી છે કે ઍન્ડ્રોઇડ મોબાઇલમાં હાલ એવી સિસ્ટમ છે કે તમારું ઇન્ટરનેટ ભલે બંધ હોય, પણ જ્યારે એના પર કોઈ ફોન આવે ત્યારે આપમેળે એ થોડીક વાર માટે ચાલુ થઈ જાય છે. આ ચીજ મને ખૂબ મદદ કરી ગઈ અને મારા ફોન પર ફાઇન્ડ માય ડિવાઇસમાં જઈને મેં ફોનનો રિન્ગિંગ મોડ ચાલુ કરી દીધો હતો અને પપ્પાના મોબાઇલ પર સતત ફોન કર્યો હતો. તેમના મોબાઈલનું ઇન્ટરનેટ ચાલુ થતું ત્યારે મેં ફાઈન્ડ માય ડિવાઇસના સેટિંગમાં જઈને એ ફોન બંધ કરવા પહેલાં પાસવર્ડ માગે એ સિસ્ટમ ચાલુ કરી દીધી હતી. રિક્ષા-ડ્રાઇવરે ફોન બંધ કરવાની કોશિશ કરી હશે ત્યારે એ ફોન બંધ જ નહીં થયો હોય એટલે તેણે મોબાઇલ રેતીની નીચે દાટી દીધો હતો.'

## ભાંડુપ નગર સંઘમાં પ.પૂ.સાધ્વીશ્રી સુશીલગુણાશ્રીજી મ.સા.નો હર્ષોલ્લાસ સહ વાજતે ગાજતે ચાતુર્માસ પ્રવેશ થયો




તા.૨૮ જૂન શુક્રવાર રોજે ભાંડુપ નગરની ધર્મભૂમિ પર સિંહ ગર્જનાના સ્વામી પ.પૂ.સાધ્વી ભગવંત શ્રી સુશીલગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણા-૨નો ચાતુર્માસ પ્રવેશ ખૂબ જ હર્ષોલ્લાસપૂર્વક સહ વાજતે ગાજતે થયો. સંઘના શ્રાવક શ્રાવિકો ઢોલ નગારાને શરણાઈના તાલ વચ્ચે આશીર્વાદ આશીર્વાદ ગુરૂ મહારાજ અમને આપો આશીર્વાદના ગગન ભેદી નારા લગાવી હર્ષ ઉમંગ છલકાવ્યો હતો.




૧૯૯૫ થી જૈન તીર્થોના ભક્તિસભર યાત્રા પ્રવાસ ક્ષેત્રે ગુંજતુંને ગાજતું નામ

# 'સાવલા N લોડાયા' ટુર

આયોજિત



## શ્રી પાર્શ્વપ્રભુના

## 108 તીર્થધામોની

## યાત્રા

પ્રભુ પાર્શ્વનો અદ્‌ભુત પ્રભાવ કે
એકવાર કોઈ આત્મા
પ્રભુના કોઈ પણ તીર્થમાં પ્રભુના સ્મરણ સાથે
સાચી ભક્તિના રંગે રંગાઈ જાય
પછી કોઈ ઈષ્ટ શક્તિનું તેને આકર્ષણ રહેતું નથી.

**પાર્શ્વ ભક્તો આપની માટે અમે લાવ્યા છીએ**

**ભારતભરના પાર્શ્વ પ્રભુના 108 તીર્થધામોની યાત્રા...**

આવો આપણે વ્હાલા પાર્શ્વપ્રભુના તીર્થોમાં
પૂજા સહિત વિશેષ આરાધના ભક્તિ કરી તીર્થોની સ્પર્શના કરીએ.

**અમારા અન્ય યાત્રા પ્રવાસો**

- શ્રી શીખરજી મહાયાત્રા
- ઉત્તરપ્રદેશના 66 કલ્યાણક યાત્રા
- 119 કલ્યાણક યાત્રા
- પંજાબના તીર્થો સહ કાંગડા તીર્થ

તીર્થોનું ઐતિહાસિક મહત્વ જાણી વિધિ-સમજણ સાથે શ્રેષ્ઠ સુવિધાઓ માટે એકમાત્ર વિકલ્પ

**SAVLA N LODAYA TOUR**

98205 65261
70214 38593

BINITA MARU - 9869034162

# સિટી સ્કવેર તીર્થ ભૂમિએ શાંતિનાથ સ્નાત્રપૂજા યોજાઇ







ભુજ-ભચાઉ માર્ગે આવેલા સિટી સ્કવેર તીર્થ ભૂમિ મધ્યે શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ પ્રભુજીની છત્રછાયામાં શ્રી કચ્છી દશા ઓશવાળ જૈન મહિલા મંડળ ભુજ દ્વારા શ્રી શાંતિનાથ સ્નાત્રપૂજા યોજાઇ હતી. જેમાં મંડળનાં બહેનો ભાવથી જોડાયા હતા. સંગીતનાં સથવારે પૂજા ભણાવવામાં આવેલ. ચામર નૃત્ય સાથે રાસની રમઝટ જામેલ.

મંડળના પ્રમુખ જયાબેન મુનવર, ઉપપ્રમુખ જયુબેન શાહ, મંત્રી જીનાલી શાહ, સહમંત્રી હેતલ મોમાયા, સહ ખજાનચી લીલાવંતી છેડા સહિત કારોબારી સભ્યોએ રમઝટ જમાવી હતી. પ્રભાવના જયાબેન મુનવર, દિપાલી સાયલા તરફથી જયારે અલ્પાહાર જયુબેન શાહ દ્વારા યોજાયેલ. વ્યવસ્થામાં અનીલભાઇ શાહ, અનીલભાઇ દાગાએ સહકાર આપેલ. સિટી સ્કવેર તીર્થ ભૂમિ ટ્રસ્ટનો આભાર માનવામાં આવેલ.


**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 93222 57731**

**Read E-Paper http://www.kdosm.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

**B-3, Krishna Kunj, Valji Laddha Road, Mulund (West) Mumbai - 400 080.**

# કેડીઓ જીવીસી સંઘમાં અચલગચ્છાધિપતિ આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મહારાજ સાહેબના પવન પગલા થયા









રવિવાર, તા.૨૩ જૂન વહેલી સવારે અનંત છાયા જીવીસી (ઘાટકોપર) સંઘમાં અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.ની પાવન પધરામણી થયેલ.



# શ્રી ક.દ.ઓ.જૈન નલિયાવાસી મુંબઈ ચેરિટેબલ ટ્રસ્ટ સ્થાપિત અને સંચાલિત શ્રી ચંદ્રપ્રભ જૈન અતિથિ ભવન, નલિયા

## માદરે વતન કચ્છની મુલાકાતે વ્યક્તિગત કે સમૂહમાં પધારતા યાત્રાળુઓ માટે ખાસ સૂચના





**અબડાસાની મોટી પંચતીર્થીના એક તીર્થ નલિયા તીર્થ મધે શ્રી ચંદ્રપ્રભ જૈન અતિથિ ભવનમાં રોકાણ કરી. પંચતીર્થીઓના અન્ય તીર્થ, માતાના મઢ, નારાયણ સરોવર કોટેશ્વર તથા પોતાના ગામની મુલાકાતે જવા આવવા સરળતા સાથે સુવિધાજનક ઉતારા માટે એક માત્ર સંકુલ જેની વિશિષ્ટતામાં**

- કોઈપણ પ્રસંગના સામૂહિક આયોજન માટે સુવિધાજનક વિશાળ હોલ
- પ્રાકૃતિક શાંત વાતાવરણ, સ્વચ્છ સુઘડ એરકન્ડિશન સાથેના રૂમ
- ડબલ બેડ સાથે ડ્રેસિંગ ટેબલ વ્યવસ્થા
- બાથરૂમમાં નાહવા માટે ચોવીસ કલાક ગરમ પાણીની વ્યવસ્થા
- સેવા કાજે ચોવીસ કલાક સ્ટાફની ઉપસ્થિતિ
- અતિથિ ભવનના આતિથ્ય ઉપહારગૃહમાં સવારના ગરમાગરમ ચા નાસ્તો, બપોર-સાંજે શુધ્ધ સાત્વિક ભોજનની વ્યવસ્થા
- વિશાળ આંગણમાં ગાડી પાર્કિંગની વ્યવસ્થા. એક વારની મુલાકાત આપશે કાયમનું સંભારણું.

**: મુંબઈ કાર્યાલય :**

૧૦૯, અનુરાગ બિઝનેસ સેન્ટર, ઘાટલા રોડ, ચેમ્બુર (ઈસ્ટ), મું-૭૧. મો.નં.૯૮૨૧૦૨૭૮૭૪.

ઈમેઈલ - kdonaliyatrust@gmail.com

સ્થાનિક કાર્યાલય : મોતા ફળિયા, જૈન દેરાસરજી પાસે, નલિયા-૩૭૦૬૫૫, તાલુકા અબડાસા (કચ્છ)

ફોન નં.૦૨૮૩૧૨૨૨૨૧૫, મેનેજર પવન કુમાર સાયલા-૯૯૦૯૭૨૯૪૫૧

બેંક એકાઉન્ટ વિગત : બેંક ઓફ બરોડા, ૨૩૪/૨૩૬ નરશી નાથા સ્ટ્રીટ, ભાત બજાર, બ્રાંચ મુંબઈ-૪૦૦ ૦૦૯. સેવિંગ એકાઉન્ટ નંબર ૯૯૩૧૦૧૦૦૦૦૩૮૧૫

IFSC Code : BARB0DBBBAZ (Fifth Numeric is Number Zero)

# આગામી સમય દરમ્યાન થનારા કેડીઓ જ્ઞાતિના વિવિધ કાર્યક્રમોની યાદી

**શ્રી ક.દ.ઓ. જ્ઞાતિમાં વિવિધ સંસ્થાઓ, મહાજનો, સંઘો દ્વારા ધાર્મિક, સાંસ્કૃતિક, સામાજિક અને શૈક્ષણિક ઉપયોગી પ્રવૃત્તિઓ આગામી જૂન તથા જુલાઈ માસ દરમ્યાન થવાની નિર્ધારીત છે. તેની તારીખ અને ટૂંકમાં વિગત અત્રે આપી છે. જે જ્ઞાતિજનોને ઉપયોગી થશે.**


| | |
|---|---|
| ૦૬ જુલાઈ ૨૦૨૪ | શ્રી ક.દ.ઓ. જૈન દેવલાલી-નાસિક રોડ સેવાભાવી સંઘ આયોજિત શ્રી મહાકાળી માતાજીની ભક્તિ ભાવના. બપોરે ૨.૩૦ કલાકથી લાભાર્થી મા. ચંદનબેન પ્રતાપભાઈ વિશનજી ધરમશી, સુથરી |
| ૬/૭ જુલાઈ ૨૦૨૪ | નલિયામાં બિરાજમાન નાગડા ગોત્રના કુળદેવી શ્રી અંબે માતાજીને નમતા ભાવિકોની નલિયા મુકામે સમૂહ પહેડી અને ભક્તિ ભાવના. |
| ૦૭ જુલાઈ ૨૦૨૪ | શ્રી કેડીઓ જૈન જ્ઞાતિ મહાજન, અમદાવાદ આયોજિત પરમાત્મા ભક્તિ, માતૃ પિતૃ ભક્તિ, તપસ્વીઓની અનુમોદના તથા સરસ્વતી સન્માન |
| ૧૩ જુલાઈ ૨૦૨૪ | શ્રી ક.દ.ઓ. પશ્ચિમ એકમ દ્વારા વાપીમાં આયોજિત એક વિશિષ્ટ ઇવેન્ટ: Kdo Development Ocean |
| ૧૪ જુલાઈ ૨૦૨૪ | શ્રી ક.દ.ઓ. મંડળ ડોમ્બીવલી આયોજિત સાંસ્કૃતિક કાર્યક્રમ |
| ૧૪ જુલાઈ ૨૦૨૪ | નલિયામાં બિરાજમાન ખોના પરીવારના કુળદેવી સચ્ચાઈ માતાજીને નમતા ભાવિકોની નલિયા મુકામે પહેડી. |
| તા.૮થી ૧૦ ઓગસ્ટ ૨૦૨૪ | શ્રી ચિંતામણિ પાર્શ્વનાથજી જિનાલય, વરાડીયા ૧૨૨ માં ધ્વજારોહણ નિમિત્તે ત્રિહાનિકા મહોત્સવ. મુખ્ય લાભાર્થી શ્રી વરાડીયા વહુ - રાણી ગ્રુપ |
| તા.૦૯ સપ્ટેમ્બર ૨૦૨૪ | શ્રી ક.દ.ઓ.જૈન મહાજન, ભુજ દ્વારા આયોજિત પખાવાજ સાંજે ૬.૦૦ કલાકથી એકમ ભવન, ભુજ. |
| તા. ૭ થી ૯ નવેમ્બર ૨૦૨૪ | વારાપધરમાં બિરાજમાન લાલકા પરીવારના કુળદેવી શ્રી ચામુંડા માતાજીના ભુવાની વિધિ, ૧૪ મી પહેડી તથા હવન. વારાપધર સ્થાને. |


## જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 154 x 230 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધુ પાનું | 154 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

# સંજીવની કેસ નં.૧૪૬ માટે જરૂરી ફંડ રૂા.૩.૩૦ લાખની જરૂરિયાત પૂરી થતાં ક્રાઉડ ફંડિગમાંથી પાછો લેવાયો




મોટી ખાવડી હાલે ડોંબિવલીના ૪૮ વર્ષીય શ્રીમતી દીપા હંસકુમાર ખોનાને હેપેટોસેલ્યુલર કાર્સિનોમા કેન્સર હોવાનું નિદાન થયું છે. જેના ઈલાજ કાજે મેડિકલ મેનેજમેન્ટ અને ઈમ્યુનોથેરેપી માટે હોસ્પિટલમાં એડમીટ કરવાની જરૂરત છે. તેણીને HCV હિપેટાઈટિસ સી વાયરસ સંબંધિત લિવર સિરોસિસ અને ક્રોનિક લિવર ડિસીઝ છે. દર્દી વિધવા મહિલા છે જે વૃધ્ધ માતાની સાથે રહે છે. છેલ્લા ૨ વર્ષથી માંદગીને કારણે કામ કરતા નથી. નથી કોઈ બચત કે નથી વીમા કવચનો કોઈ પીઠબળ. તેમની સારવારનો હોસ્પિટલ દ્વારા રૂા.૩.૩૦ લાખ અંદાજિત ખર્ચ થવાનો અંદાજ અપાયેલ.

જીવલેણ બિમારી ગ્રસ્ત દીપાબેન અસહાય અવસ્થામાં મૂકાઈ જતાં તેમણે સમસ્ત મહાજનની મેડિકલ સમિતિ પાસે મદદ સહાય મેળવવા અરજી મૂકી. સદર અરજી કેસ સામે આવેલા પત્રોનો અભ્યાસ કરી જરૂરી રકમ રૂા.૩.૩૦ જમા કરવા ક્રાઉડ ફંડિગમાં કેસ મૂકાયો. દર વખતની જેમ આ કેસ પણ નોંધનીય રીતે ટૂંકા સમય ગાળામાં જોઈતી રકમ રૂા.૩.૩૦ લાખ એકઠા થઈ જતાં ક્રાઉડ ફંડિંગમાંથી પરત લેવાયો.

આ કેસ માટે જ્ઞાતિના એક અજ્ઞાત ડોનરે રૂા.૧ લાખ ૧ હજારની ઉદાર ભેટ આપી માનવ કલ્યાણ હિતનો ભાવ દર્શાવ્યો. સમગ્ર ભંડોળ જમા કરવા માટે સાથ સહયોગ આપનાર ઉદારદિલ સૌ દાતા, મહાજન, સંસ્થાઓ, એકમો, ટ્રસ્ટો અને દિલાવર જ્ઞાતિજનોનો હૃદયપૂર્વકથી આભાર.

# કારંજા લાડ નગરે પ.પૂ.સાધ્વી મ.સા.નો ઉત્સાહ ઉમંગ સાથે નગર પ્રવેશ થયો







તા.૨૩ જૂન રવિવારના રોજ મહારાષ્ટ્ર રાજ્યના વાસીમ જિલ્લાના કારંજા લાડ નગરમાં પ.પૂ.સાધ્વીજી ભગવંત શ્રી સંયમ ગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૪ મલકાપુરથી ઉગ્ર વિહાર કરી. ઉત્સાહ અને ઉમંગ સાથે નગર પ્રવેશ કરેલ. સંઘના શ્રાવક શ્રાવિકાઓ હર્ષભેર પૂજ્ય સાહેબનું સામૈયું કરી ધન્ય ધન્ય થયાં હતાં. પૂજ્યશ્રીનો ચાતુર્માસ મંગલ પ્રવેશ અષાઢ સુદ ૨ તા.૭ જુલાઈ રવિવારના સવારના ૭.૧૫ કલાકે છે.

# ભાવભીની શ્રદ્ધાંજલિ



**કિશોરભાઈ મૈશેરી**
તા.૨૩ જૂન (ઉ.૭૧)
સીંધોડી નાની-જાલના



**જયાબેન મૈશેરી**
તા.૨૪ જૂન (ઉ.૯૧)
રાપર ગઢવારી-ઘાટકોપર



**ઈન્દીરાબેન મોમાયા**
તા.૨૬ જૂન (ઉ.૭૩)
સાંયરા-ડોંબિવલી



**દમયંતીબેન લાપસીયા**
તા.૨૬ જૂન (ઉ.૭૩)
સાંયરા-રાયચુર



**વર્ષાબેન મોતા**
તા.૨૮ જૂન (ઉ.૫૭)
તેરા-દેવલાલી

**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિનામૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો. વિગતમાં આપ નામ, ફોટો, ઉંમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે.**



# વતનજા વાવડ ...

– સં. રાજન ચંદે 'ધૂણી'

● અબડાસા વિસ્તારના કોઠારા, વાંકુ, સાંયરા, ખીરસરા, વિંઝાણ, લાલા, પરજાઉ, સિંધોડી, ભાનાડા, પૈયા, હાજાપર સહિતના અનેક ગામોમાં દર વર્ષની જેમ આ વર્ષે પણ વિપુલ પ્રમાણમાં ઘઉંનું વાવેતર કરાયું હતું. એક અંદાજ મુજબ અબડાસા રૂા.૧૨૫ કરોડ જેટલું અધધધ કહી શકાય તેટલું ઉત્પાદન થયું છે. પંજાબથી આવેલા કમ્બાઈન્ડર મશીનો અહીં આવી પહોંચ્યા છે. જ્યાં જુઓ ત્યાં ઘઉંના ઢગલા વાડીઓમાં દેખાઈ રહ્યાં છે. કોઠારા વાડી વિસ્તારમાં જ ૫૦ થી વધુ મશીનો ઘઉં કાઢવા માટે પંજાબથી આવ્યા છે અને એક એકરના એક હજાર રૂા. ચાર્જ લઈ રહ્યાં છે. જેનાથી કામ પણ ઝડપથી થઈ જાય છે.

● મુંદરા તાલુકાના ઝરપરા ગામના અને ભુજ વસતા પિતા રામભાઈ ગઢવી ભુજના કેન્દ્રિય વિદ્યાલય-૨ માં અંગ્રેજીના શિક્ષક છે. તેમની ચાર પુત્રીઓ, બે બેલડાના પુત્રો એ વિવિધ ક્ષેત્રે સિધ્ધિ હાંસિલ કરી છે. રમત ગમત, નિંબધ, વક્તૃત્વ સ્પર્ધા, યોગ, લેખન તેમજ હાલે ગાંધીનગર ખાતે યોજાયેલી યુવા સાંસદ સહિતના કાર્યક્રમોમાં પ્રથમ અને દ્વિતીય સ્થાન સાથે ગોલ્ડ મેડલ અને અનેક પ્રમાણપત્રો મળવી સિધ્ધિ મેળવી છે. છ સંતાનોની માતા માલશ્રીબેન રામભાઈ ગઢવી બી.એ.બી.એડ. અને એલ.એલ.બી.નો અભ્યાસ કરી નર્સિંગની નોકરી કરતાં હતા. પરંતુ પોતાના બાળકોમાં વિવિધ ક્ષેત્રે રહેલી ખૂબીઓને પ્રોત્સાહન મળી રહે તેવા હેતુથી નોકરી છોડી તેના પ્રત્યે ધ્યાન આપવાનો નિર્ણય લીધો હતો.

● ઈન્ટરનેટ સ્માર્ટ ફોનના આજના યુગમાં ટપાલનું ચલણ ઘણું ઘટી ગયું છે. પણ પોસ્ટ તંત્ર ટપાલ કવરોનું વિતરણ અને બચત યોજનાઓના સંચાલન ઉપરાંત અનેક જાતની વીમા યોજનાઓનું સંચાલન, પોસ્ટ પેમેન્ટ બેંકિંગ, આધાર કાર્ડ, વિધવા સહાય ગોલ્ડ લોન સહિત અનેક પ્રકારની કામગીરી કરી પોતાની ઉપયોગિતા સિધ્ધ કરે છે. જિલ્લામાં ડાક વિભાગમાં બચત યોજનાના કુલ્લ છ લાખ ખાતામાં રૂા.૬-૭ અબજની ડિપોઝીટ છે. ચાલુ વર્ષના ૧૧ મહિના દરમ્યાન અગ્યાર હજાર નવા ખાતા ખૂલ્યાં અને રૂા.૧.૭૬ અબજનું નવું રોકાણ મળ્યું છે.

● અબડાસા તાલુકાના મુખ્ય મથક નલિયાથી ૧૦ કિ.મી.ના અંતરે આવેલા રામપર અબડા ખાતે જેના નામ પાછળ સમગ્ર અબડાસા ભૂમિ ઓળખાય છે તેવી ધીંગી ધરાના જાડેજા જખરાજી ઉર્ફે અબડા અડભંગ દાદાનો ૧૬૪મો જન્મોત્સવ વીર અબડા અડભંગ સ્મારક ટ્રસ્ટ દ્વારા ઉજવાયો. નલિયાની ત્રિભેટે આવેલા ઘોડા સર્કલ પાસે અબડા દાદાની પ્રતિમાનું પૂજન તેમજ હારારોપણ કરવામાં આવ્યું હતું. યુવા ગ્રુપ દ્વારા બાઈક રેલી યોજાઈ જે ઘોડા સર્કલથી નલિયા બજાર થઈ છાડુરા નાકે વિરામ પામી હતી.

● તાજેતરમાં રાજસ્થાનના મુખ્યમંત્રી ભજનલાલ શર્માના મીડિયા સલાહકાર તરીકે નિમાયેલા હિરેન દેવદત જોષી કચ્છી પુષ્કર્ણા સમાજમાંથી આવે છે અને એમના નાના કચ્છ એસ.ટી વિભાગના વિભાગીય નિયામક તરીકે ફરજ બજાવી ચૂક્યા છે. ૪૨ વર્ષીય હિરેન જોષી એમ.એ. (પત્રકારત્વ) ડિગ્રી કોર્સ કરીને રાજસ્થાન પત્રિકાના અલવર જિલ્લાના સંપાદક તરીકે ૧૮ વર્ષથી જોડાયેલ છે. ઉપરાંત રાષ્ટ્રીય સ્વંયસેવક સંઘના જિલ્લા પ્રચારક પણ છે. હાલમાં અયોધ્યામાં રહીને અનેક લેખો લખ્યાં હતા. તેમનો પરિવાર રાજસ્થાનના ખેરથલા શહેરમાં રહે છે.

● વર્ષો પહેલા જ્યારે વાહન વ્યવહારનું પ્રમાણ ઓછું હતું ત્યારે ઊંટગાડીનો શહેરથી ગ્રામ્ય વિસ્તાર સુધી ખૂબ ઉપયોગ થતો પરંતુ ધીરે ધીરે વાહન વ્યવહારનું પ્રમાણ વધતાં ઊંટગાડીની સંખ્યા હવે નોંધપાત્ર રીતે ઘટી રહી છે. વર્ષો અગાઉ જંગલમાંથી જલાઉ લાકડા લઈ આવવા, કાટમાળ, રેતી, કાંકરી, પથ્થર, ઘર દુકાનના માળ સામાન માટે ઊંટગાડીનો ઉપયોગ મહત્વનો હતો. જ્યારે આજે આધુનિક યુગમાં છકડાં, ટ્રેક્ટર, ટેમ્પો, પીકઅપ જીપ જેવા વાહનો એ ઊંટગાડીનું સ્થાન છીનવી લીધું છે. જેને કારણે ઊંટગાડીના માલિકો ધંધો ટકાવવા સંઘર્ષ કરી રહ્યાં છે.


DON'T
Compromise!
"HEALTH INSURANCE"
Portability Benefits Available
COMPARE, SCRUTINIZE & DECIDE
karani
: For Details Contact Us :
YASHODHAN KARANI 98211 37737
DEEPAK KARANI 98210 82664
DEEPAK MOMAYA 93233 44737
KALPESH LODAYA 93248 33133
☑ Global Cover
☑ No Room Rent Restrictions
☑ Consumables Benefit Cover
☑ Maternity Cover
☑ Emergency Air Ambulance
☑ OPD Dental Treatment Upto 10000/-
☑ OPD Treatment Upto 5000/-
☑ 60 Days-Pre & 90Days Post Hospitalisation
☑ Road Ambulance 5000 per Hospitalisation
☑ Compassionate Travel Upto 20000
☑ High End Diagnostic upto 25000
☑ Bariatric Surgery Cover
☑ No Claim Bonus 50% every year upto 100%
☑ Long Term Policy Discount 10% for 3 yrs Policy
*T & C APPLY
insurancekhoj.com™
the ultimate stop for insurance™
#404, BPS PLAZA, DEVI DAYAL ROAD, MULUND (W), MUMBAI - 400080.
90049 99900 / 93221 37737 79771 01415 insurancekhoj@gmail.com
LOCATIONS : GUJARAT | MAHARASHTRA | MADHYA PRADESH | KARNATAKA